


## કેન્દ્રીય મંત્રી રૂપાલાનું ગાંધીનગરમાં સંપર્ક અભિયાન...

કેન્દ્ર સરકારના રાજ્યમંત્રી અને પ્રદેશ ભાજપના અગ્રણી પુરુષોત્તમભાઈ રૂપાલા આજે પક્ષના સંપર્ક અબિયાન અંતર્ગત પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીયમંત્રી શંકરસિંહ વાઘેલા, અર્જુન એવૉર્ડ વિજેતા ખેલાડી પારૂલ પરમાર, પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી, ગાંધીનગર સમાચારના તંત્ર કૃષ્ણકાન્ત જહા, સમદર્શન આશ્રમના ગુરૂમાને મળ્યા હતા. રૂપાલાએ આ સંપર્ક અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારના મહત્વના નિર્ણયો તેમજ સરકાર અને પક્ષના અભિયાનનો હેતુ અને તેનું મહત્વ શું છે તે સમજાવી તેમની સાથે જોડાવા અપીલ કરી હતી. સંપર્ક અભિયાન અંતર્ગત તેઓ નગરના ૨૫થી વધુ મહાનુભાવોને મળવાના છે. તેમણે કહ્યું હતું કે, પક્ષ દ્વારા સૌને સાથે જોડવાનો આ અભિગમ જ દર્શાવે છે કે, સૌનો સાથ સૌનો વિકાસ એ અમે સિદ્ધ કરીશું. રૂપાલાના આ સંપર્ક અભિયાનમાં તેમની સાથે શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ (દાસ) પટેલ તથા પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ સહિત આગેવાનો જોડાયા હતા. સંપર્ક અભિયાન દરમિયાન પારૂલ પરમાર સાથેની મુલાકાત તેમને સૌથી વધુ પ્રભાવિત કરી ગઈ હોવાનું કહેતા તેમણે જણાવ્યું હતું કે, ગાંધીનગરની દીકરીએ આટલી મોટી સિદ્ધિ હાંસલ કરી છે તે જાણીને આજે ગાંધીનગરવાસી તરીકે તેમને ગૌરવ પ્રાપ્ત થયું છે. પારૂલની સિદ્ધિઓ ખરેખર અભિનંદનીય હોવાનું તેમણે કહ્યું હતું. સંપર્ક અભિયાન દરમિયાન કૃષિ મંત્રાલયે ખેડૂતોના હિતમાં લીધેલા નિર્ણયોનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું હતું કે, ખેડૂતપુત્ર તરીકે તેમને વિશેષ ગર્વ છે કે, કેન્દ્ર સરકારે ઘણા મહત્વના નિર્ણયો ખેડૂતોના હિતમાં લેવડાવવામાં તેઓ સફળ થયા છે.

# સારા વરસાદની આશા સાથે ખેડૂતોએ વાવણી કાર્ય આરંભ્યુ

**જિલ્લામાં ૮૮૦૦ હેકટરથી પણ વધુ વિસ્તારમાં વાવેતર કાર્ય સંપન્ન : દિવેલા, કપાસ, મગફળી, શાકભાજીનું વાવેતર વધશે તેમ ખેડૂતોનું માનવું છે**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે સમયસરનો અને સારો વરસાદ થવાની આશા સાથે ખેડૂતોએ ખરીફ વાવણીનો આરંભ કરી દીધો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૮૨૭ હેકટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ચુકયું છે. એક લાખ ૬૦ હજાર હેકટર વિસ્તારમાં ખરીફ સિઝનમાં વાવેતર થતું હોય છે. જે ખેડુતો પાસે પિયતની સુવિધા ઉપલબ્ધ છે તેમણે વાવેતરનો આરંભ કર્યો છે. જિલ્લાના ખેડૂતો આકાશી ખેતીમાં વધુ વિશ્વાસ ધરાવે છે એટલે જ રવિ કે ઉનાળુ વાવેતર કરતાં ખરીફમાં વધુ વાવેતર કરતા હોય છે.

ખેડૂતોએ જે વાવેતર કર્યું છે તેમાં ઘાસચારાનું ૨૪૭૬ હેકટરમાં વાવેતર કર્યું છે. જયારે કપાસ (પિ)નું ૪૪૭૯ હેકટરમાં વાવેતર નોંધાયું છે. શાકભાજીના પાકોનું ૯૫૦ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે. આ ઉપરાંત મગફળીનું વાવેતર ૯૮૨ હેકટર વિસ્તારમાં થયું છે.

ખરીફ સિઝનમાં આ વખતે મગફળીનો વાવેતર વિસ્તાર વધશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ગાંધીનગરમાં ૨૯૪૫ હેકટરમાં દહેગામમાં ૨૯૨૨ હેકટરમાં કલોલમાં ૫૪૬ હેકટરમાં અને માણસામાં ૨૪૧૪ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે.

જિલ્લામાં કૃષિ સિવાય પશુપાલન પણ મહત્વનો વ્યવસાય હોવા ઉપરાંત જિલ્લાના અર્થતંત્રની કરોડરજ્જુ હોવાથી ઘાસચારાનું વાવેતર વધારે થયું છે. ખેડૂતો લીલો ઘાસચારો પશુધનને વર્ષ દરમિયાન ઉપલબ્ધ બની રહે તે માટે હાલ આયોજન કરતા હોય છે. ખરીફ સિઝનમાં કઠોળ પાકનું વાવેતર પણ આ વખતે સારું થશે તેવા અંદાજો છે. આ ઉપરાંત જિલ્લામાં તેલિબિયાનું ઉત્પાદન પણ ખેડૂતો દ્વારા રસ દાખવવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને દિવેલા અને કપાસની ખેતી મુક્ય પાક ગણાય છે. જો કે આ વખતે તલ અને સોયાબીનની ખેતી પણ જિલ્લામાં થશે તેમ ખેડૂત આગેવાનોનું માનવું છે.

**જિલ્લા પંચાયત ભવનમાં બીજા માળે**

# પુનઃ વિજપુરવઠો ખોરવાતા કર્મચારીઓ ત્રાહિમામ્

**વાતો સુવિધાની પણ ઉણપો દૂર કરવામાં ઉદાસીન સરકાર અને સત્તાધીશો સામે કર્મચારીઓ આંદોલનની ભાષા બોલવા આતુર**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વારંવાર વીજળી વેરણ થઈ જતાં કર્મચારીઓને કામ કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આજે પણ બીજા માળની લાઈટો બંધ થઈ જવા પામી હતી. બીજા માળે એકાંતરે દિવસે લાઈટો બંધ થઈ જતી હોવાની ફરિયાદો હવે સામાન્ય બની રહી છે.

જિલ્લા પંચાયતમાં એ.સી. મશીનોની સંખ્યા વધતા અને આ ગરમીમાં વીજ માંગમાં પણ વધારો થતાં વારંવાર વીજળી વેરણ બની જાય છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતમાં પ્રથમ મજલે, બીજે મજલે અને ત્રીજે મજલે જનસંપર્કની સૌથી વધુ કચેરીઓ આવેલી છે. જિલ્લા પંચાયતની વીજમાંગના પુરવઠાને વધારવા માટેની અરજી પણ ટોરેન્ટ પાવરને આપી દેવાયા બાદ ત્યાં એક અલાયદા રૂમની વ્યવસ્થા કરવાની માંગને પણ તંત્રએ સ્વીકૃતિ આપી દીધા પછી કયાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તે સમજાતું નથી.

● અનુસંધાન પાન-૭ પર

# હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં તાવના કુલ ૨૦૦૦ કેસ મળ્યા

**૫૫૦૦થી વધુ સ્થાનો પર પોરાનાશક કામગીરી કરવામાં આવી**

ગાંધીનગર, તા.૮

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમિયાન આજે વધુ ૪૦૩ કેસ મળી આવતાં સર્વેલન્સ દરમિયાન તાવના શોધાયેલ કેસોની સંખ્યા બે હજાર પર પહોંચવા પામી છે. હજુ આ સર્વેલન્સમાં એક દિવસ બાકી છે.

જિલ્લામાં વાહક જન્ય રોગચાળાને નિયંત્રિત કરકવા માટે ૪ જુનથી હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આજે ૪થા દિવસે ૨,૦૩,૮૯૮ લોકોને અને ૪૩,૩૯૩ મકાનોને આવરી લેવામાં આવેલ છે.

જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૮૫ ટકા સર્વેલન્સની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. આજે શોધાયેલા ૪૦૩ તાવના દર્દીઓના લોહીના નમૂના મેળવી અને પરિક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે, આજે ૧૧૩૫ જેટલા સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે. આ તમામ બ્રિડીંગનો પોરાનાશક કામગીરી કરી અને તેનો નાશ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં અત્યારસુધીમાં ૫૫૦૦ જેટલા સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે. તંત્રએ સર્વેલન્સ દરમિયાન પોરાનાશક કામગીરી કરી બધા જ બ્રિડીંગ સ્થાનોનો નાશ કર્યો છે. જે રીતે પોરા મળી રહ્યા છે તે ચિંતાજનક જરૂર છે પણ તેનો નાશ કરવામાં આવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો આ ત્રીજો રાઉન્ડ છે. જિલ્લામાં જેમ જેમ ચોમાસુ નજીક આવતાં તંત્ર 'મેલેરિયા નાથવા અમે સક્ષમ છીએ' તે રીતે એક ટીમ બની કીમગીરી કરી રહેલ હોવાથી મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો થશે તેવો વિશ્વાસ સૂત્રો રાખી રહ્યા છે.



વાદળોની આવન-જાવન : ચોમાસાના આગમનની છડી પોકારતા હોય એમ આકાશમાં વાદળોની આવન-જાવન વધી જતા હાશ લાગણી પ્રવર્તી હતી... સવારથી જ આકાશમાં ક્યારેક તડકો તો ક્યારેક છાંયો... આક્રમક તાપમાંથી મુક્તિ આપતા હોય એવા વાદળો સૌના હૈયામાં આશા અને ઉલ્લાસ જન્માવ્યા હતા... ગાંધીનગરમાં સમી સાંજે અવકાશી નજારો નિહાળવા લાયક હોય છે... એમાય વાદળોના વિવિધ આકારો અને સંધ્યાના રંગો અનોખા દશ્યો સર્જે છે...



## પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ...

તા. ૮-૬-૨૦૧૮ના રોજ વિશ્વ પર્યાવરણ ૨૦૧૮ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના ઘ-૦ થી રિલાયન્સ ચોકડી, ઘ-૦ થી ખ-૦ વિસ્તારમાં સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન મનુભાઈ પટેલ, ડેપ્યુટી કમિશનર જે.બી. બારૈયા, કોર્પોરેટર નરેશભાઈ પરમાર વગેરે મહાનુભાવોએ હાજરી આપી સફાઈ અભિયાનને સાર્થક કર્યું હતું. તેમજ પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'રીફયુસ, રિયુઝ, રીડયુસ, રિસાઈકલ' વિષય પર વર્કશોપનું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ચાની કીટલી, ફરસાણ, પાર્લર, ડેરી વેપારીઓ હાજર રહ્યા હતા. જેઓને ઈકો ફ્રેન્ડલી પ્રોડકટની માહિતી તેમજ ફાયદા વિશે વિસ્તૃત સમજ સેનિટેશન સુપ્રિન્ટેન્ડેન્ટ એસ.એમ. ચૌધરી દ્વારા આપવામાં આવી હતી.

# આર.એમ.સી. પ્લાન્ટથી કુડાસણની સોસાયટીઓના રહીશો પરેશાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર નજીક આવેલ કુડાસણ ગામના સોસાયટી વિસ્તારમાં આર.એમ.સી. પ્લાન્ટ ચાલતો હોવાથી પ્રદૂષણ થતું હોવાની ફરિયાદ જિલ્લા કલેકટરશ્રીને સોસાયટી વિસ્તારના રહીશો દ્વારા કરવામાં આવી છે.

સત્યમેવ આવાસ મેંગો, સત્યમેવ આવાસ સ્ટ્રોબેરીના રહીશોએ કલેકટરશ્રીને લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે કુડાસણ વિસ્તારના સર્વે નં. ૧૨૧ તથા ૧૨૨ એફ.પી.નં ૫૪/૨ તથા ટી.પી. સ્કીમ નં. ૬ વાળી જગ્યામાં આ આર.એમ.સી. પ્લાન્ટ ચાલી રહેલ છે.

આને કારણે ઈન્દ્રધનુષ, ક્રિષ્ણા બંગ્લોઝ, મહાલક્ષ્મી રોયલ પેલેસ, ઉમાઉદય સોસાયટી, પ્રતિષ્ઠા એલીગન્સ સહિતના રહીશોને ભારે પરેશાની વેઠવી પડી રહી છે. રહેણાંક વિસ્તારમાં આવેલ આ પ્લાન્ટને કારણે ધ્વનિ અને રજકણો જેવા ઉપદ્રવથી વસાહતીઓ પરેશાની અનુભવી રહ્યા છે ત્યારે આપ તાકીદે પગલાં લો તેવી માંગ કરી છે.

આ સોસાયટીના રહીશોએ જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી, જિલ્લા પંચાયતના કુડાસણના સદસ્યશ્રીને આવેદનપત્રની નકલ આપી છે.

# વડોદરા ચિંતન શિબિરનું આજે વિધિવત સમાપન

ગાંધીનગર, તા.૮

વડોદરા જી.એસ.એફ.સી પરિસરમાં યોજાઈ રહેલ ત્રિદિવસીય ૯મી વાર્ષિક ચિંતન શિબિરના ત્રીજા દિવસનો પ્રારંભ શનિવારે સવારે ૬:૩૦ કલાકે યોગાભ્યાસથી થશે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિત સૌ શિબિરાર્થીઓ તેમાં જોડાશે.

વડોદરામાં યોજાયેલ ત્રિદિવસીય ચિંતન શિબિરનું આજે સમાપન થશે. આ શિબિરના ત્રીજા દિવસે જે ચર્ચા સત્રો યોજાવાનાં છે તેમાં પ્રથમ ચરણમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા વિષયક અંતગર્ત ચર્ચાસત્ર યોજાશે.

**બેસણું (બ્રાહ્મણ)**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી તથા અમારા મોટાભાઈ **ચંદ્રકાંત પ્રેમશંકર દવે** (રિ.પા.પુ.બોર્ડ)નું તા.૭-૬-૧૮ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૯-૬-૧૮ને શનિવારે સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળઃ પ્લોટ નં.૯૧૦/૨, શોપીંગ સેન્ટરની સામે, સે.૧૩/બી, ગાંધીનગર**

**ગં.સ્વ. અન્નપૂર્ણાબેન ચંદ્રકાંત દવે**

| | |
|---|---|
| સ્વ. ઈન્દ્રવદનભાઈ પ્રેમશંકર દવે | ગં.સ્વ. મીનાબેન ઈન્દ્રવદનભાઈ દવે |
| પંકજભાઈ હરિલાલ જોષી | અંજનાબેન પંકજભાઈ જોષી |
| નિલકંઠ ચંદ્રકાંત દવે | ગ્રીષ્મા નિલકંઠ દવે |
| મનીષકુમાર વિષ્ણુપ્રસાદ વ્યાસ | મેઘા મનીષકુમાર વ્યાસ |
| મિથિલેશ ઈન્દ્રવદન દવે | મો. 94296 85954 |

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
ઉજવે છે
'વિશ્વ સંગીત દિવસ' નિમિત્તે બે દિવસનો સ્વરાભિષેક ઉત્સવ

A ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સહયોગથી ગુજરાતી ચલચિત્રોના લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ
પાંદડું લીલું ને રંગ રાતો
તારીખ : ૨૧/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

B 'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે જાણીતા વક્તા શ્રી જય વસાવડાની પસંદગીના ગીતોનો કાર્યક્રમ
પ્યાર ઝિંદગી હૈ....

પ્રવક્તા-પરિકલ્પના જય વસાવડા
તારીખ : ૨૨/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર


નીરજ પાઠક | સન્ની શાહ | નયના શર્મા | પંકજ પાઠક

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૫૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૮૫૦/- (વાર્ષિક)

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પ્લેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ०९००४ શ્રી પરાગ શુક્લ(મો) ૯૯૭૮૪૦૫૯૪૩,૮૮૪૯૩૦૨૬૬૮ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૧૪૩૬
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦) સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુક્લ, મંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે પ્રચંડ પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ કાર્યક્રમ- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ

# ગુજરાત માળખાગત વિકાસમાં અગ્રેસર : નીતિન પટેલ

**જાહેર આરોગ્ય સુખાકારી સામેના પડકારો અંગેના ચર્ચા સત્રમાં નાયબ મુખ્યમંત્રી દ્વારા પ્રેરક માર્ગદર્શન**

ગાંધીનગર, તા.૮

નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલે નાગરિકોના આરોગ્યની સુખાકારી અને સુરક્ષા માટે તેમજ નવી પેઢીને વધુ સુદ્રઢ આરોગ્ય સેવા પૂરી પાડવા ટીમ ગુજરાત તરીકે દેશને નવો રાહ ચીંધવા આહવાન કર્યું હતું. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આજે ચિંતન શિબિરના બીજા દિવસે જાહેર આરોગ્ય સુખાકારી સામેના પડકારો અંગેના ચર્ચા સત્રમાં કહ્યું હતું કે, માળખાગત સુવિધાના વિકાસમાં ગુજરાત આગળ છે અને દેશમાં મોખરે રહી છે. તે જ રીતે માનવ વિકાસ સૂચકાંકમાં પણ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે તે માટે આપણે સૌએ સહિયારા પ્રયાસો કરવા પડશે અને ક્ષેત્રે પણ દેશને નવો રાહ આપણે જ આપશું તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે આરોગ્ય વિભાગની સાથેસાથે સંલગ્ન પંચાયત, શિક્ષણ અને મહિલા બાળવિકાસ વિભાગ દ્વારા સક્રિય સહયોગ મળી રહ્યો છે. તેઓને એવો સહયોગ મળી રહ્યો છે. એવોને એવો સહયોગ મળશે તો ચોક્કસ વધુ સારા પરિણામો મળશે. તેમણે ઉમેર્યું કે આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓના લાભો અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચે તે માટે તમામ કલેકટરો અને ડીડીઓને ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા સૂચન કર્યું હતું.

તેમણે જ્યારે પણ તેઓ ફિલ્ડ વિઝિટમાં જાય ત્યારે સીએચસી, પીએચસી તેમજ મોટી હોસ્પિટલોની આકસ્મિક મુલાકાત કરવાની સુચના આપી હતી. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં ડૉક્ટરની જે ઘટ છે તેમાં પણ કેન્દ્ર સરકાર દ્વારા આયુષ ડૉક્ટરોની સેવાઓ લેવા મંજુરી આપી છે તેનો પણ લાભ લેવાની સાથે વડાપ્રધાન દ્વારા ૨૦૨૨ સુધીમાં ટીબી મુક્ત ભારતના નિર્માણ માટે અભિયાન હાથ ધર્યું છે. તે ક્ષેત્રે પણ ગુજરાત અગ્રીમસ્થાને રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com